
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | |
|---|---|---|
| ૧ વિશ્વવંદ્ય થવાને લાયક કેમ બનાય? | ( શ્રી કર્પૂરવિજયજી મહારાજ ) | ... ૨૨૧ |
| ૨ સત્ય જ્ઞાનનું રહસ્ય. | ( અનુવાદ ) | ... ૨૨૩ |
| ૩ સુભાષિત સંગ્રહ. | ( સં૦ મુ૦ શ્રી કર્પૂરવિજયજી મ૦ ) | ... ૨૨૭ |
| ૪ પ્રતિબિંબ. | ( રા. સુશીલ ) | ... ૨૨૯ |
| ૫ તપ. | [ રા. ચોકસી ] | ... ૨૩૪ |
| ૬ શ્રવણ અને સંસ્મરણ | ( રા. સુશીલ ) | ... ૨૩૬ |
| ૭ વર્તમાન સમાચાર | ... | ... ૨૪૦ |
| ૮ સ્વીકાર અને સમાલોચના. | ... | ... ૨૪૨ |



ઘણી થોડી નકલો છે, જલદી મંગાવો...જલદી મંગાવો...

### શ્રી કર્મગ્રંથ. (૪)

છેલ્લામાં છેલ્લી ઢબે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ** ટીકા યુકત **ચારકર્મ ગ્રંથ** કે જે આગળ બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું કાળજીપૂર્વક તાડપત્રીય અને બીજી અનેક પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ કરી પ્રમાણિકપણે સંશોધન મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન શિષ્ય સાક્ષરોત્તમ **મુનિરાજ** શ્રી **પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથા સંપાદનને લગતાં કાર્યમાં કિમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીએ.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડીને વિષયોને છુટા પાડેલા છે અને દરેક સ્થળે પ્રમાણ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથો માંહેના છે તેના પણ નામો, તેના ટીપ્પણો આપેલા છે. છેવટે છ પરિશિષ્ટોમાં પ્રથમ ટીકાકારે પ્રમાણ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોક વગેરે અકારાદિક્રમ પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ ચોથા કર્મગ્રંથમાં અને ટીકામાં આવતા પારભાષિક શબ્દનો કોષ, પાંચમાં ટીકામાં આવતાં પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતાં શ્વેતાંમ્બર-દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે. પ્રસ્તાવના ગુજરાતીમાં એટલા માટે આપેલ છે કે સર્વ કોઇ આ કર્મગ્રંથનું સ્વરૂપ, મહત્વ, ગ્રંથપરિચય, કર્મવિષય સાહિત્યની ઓળખ, ગ્રંથકારોનો પરિચય પરિવાર; ગ્રંથરચના, પ્રતિઓનો પરિચય વિગેરે જાણી શકે, જેથી ગુજરાતી ભાષાનાં જાણ અને આ કર્મવિષયક ગ્રંથનું મહત્વ જાણવા જીજ્ઞાસુઓ માટે સંપાદક મહાપુરૂષોએ અતિ ઉપકાર કર્યો છે.

ઉંચા એન્ટ્રીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. આ ગ્રંથને અંગે મળેલ આર્થિક સ્હાય થયેલ ખર્ચમાંથી બાદ કરી માત્ર રૂા. ૨-૦-૦ બે રૂપીયા (પોસ્ટેજ જુદું) કિંમત રાખવામાં આવેલ છે.

—:લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું. – ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।
दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥

આત્માનું અંતરંગ મહાસૈન્ય ( કામ-ક્રોધાદિ ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६०. वैशाख आत्म सं. ३९. { अंक १० मो.

## "વિશ્વવંદ્ય થવાને લાયક કેમ બનાય?"

લઘુતામેં પ્રભુતા વસે, પ્રભુતાથી પ્રભુ દૂર.

'નમે તે પ્રભુ ને ગમે'

'વંદન પ્રસાદસદનં, સદયં હૃદયં સુધા મધુરવાચ:'
કરણં પરોપકરણં યેષાં કેષાં ન તે વંદ્યાઃ—

સાર—જેનું મુખ સદા સુપ્રસન્ન-આનંદિત રહ્યા કરે છે, જેમનું હૃદય દયાર્દ્ર-સદા દયાભીનું રહે છે, જેમની વાણી અમૃત જેવી મીઠી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મધુરી લાગે એવી પ્રિય અને હિતકર હોય છે, તથા જેમની કાયા પરોપકારના કામમાં સદા લાગી રહે છે તે સુપવિત્ર આત્માઓ વિશ્વમાં કોને વંદનિક ન થાય? અર્થાત્ એવા ઉત્તમ જનો સહુ કોઇને સદાય વંદનીય-પૂજનિક થાય જ એમાં આશ્ચર્ય જેવું કંઈ નથી. ઈતિશમ્

## "સહુ ભાઇ-બ્હેનોને લક્ષ્યમાં રાખવા યોગ્ય સાદો ઉપદેશ"

**" નમે છે આંબા આંબલી નમે છે દાડમ દ્રાક્ષઃ ;**
**એરંડ બિચારો શું નમે? જેની ઓછી શાખ "**

**સાર**—આંબા, આંબલી અને દાડમ અને દ્રાક્ષ જેવાં ઉત્તમ ઝાડો ફળસંપત્તિ વખતે ખૂબ નમી પડે છે ત્યારે એરંડ અને તાડ જેવાં હલકાં વૃક્ષો સદા અક્કડ રહે છે; લગારે નમતા નથી. તેવી રીતે શીલ-સંતોષાદિક ગુણવંતા સજ્જનો સદાય સાદાઇ રાખે છે, નમ્રતા ધરે છે, અને બને તેટલો પરોપકાર સાધતા રહે છે, ત્યારે કુશીલતાદિક દુર્ગુણોથી વાસિત થયેલા હલકા લોકો સદા અક્કડ રહે છે, સજ્જનો સાથે દ્વેષ વહે છે, અને ભોગ-જોગે કંઈક અધિકાર મળતાં અનર્થ કરી બેસે છે. યતઃ—

**" નમન્તિ સફલા વૃક્ષા, નમન્તિ સજ્જના જનાંઃ;**
**મૂર્ખાશ્ચ શુષ્કં કાષ્ટં ચ, ન નમન્તિ કૃદાચન. "**

**સાર**—ફળથી લચી પડતા ઉત્તમ વૃક્ષો જેવા સદ્ગુણશાળી સજ્જનો સદા નમ્રતા સેવે છે, અને પરદુઃખભંજક બની નિજ-જન્મ લેખે કરે છે; પરંતુ સુકા સાગ જેવા અક્કડબાજ અજ્ઞજનો કદાપિ નમતા નથી. પરોપકારાય સતાં વિભૂતયઃ લેખકઃ—

**સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

## પ્રકરણ બીજું

### સૃષ્ટિકર્તૃત્વવાદ.

( ગતાંક પૃષ્ઠ ૨૦૦ થી શરૂ. )

બાલક ' હું ' શબ્દનું પ્રથમ ઉચ્ચારણ કરે છે ત્યારે આત્મ વિષયક ભાવ તેનામાં જાગૃત થાય છે. આ આત્મીય ભાવ ચેતનાનો નિદર્શક છે. વ્યક્તિત્વ ભાવનું સ્વરૂપ એવું છે કે, તેનો યથાયોગ્ય અભ્યાસ કર્યા વિના તે મનુષ્યને અનેક પ્રકારનો સંક્ષોભ પમાડે છે. કોઇ મનુષ્યનો સંપૂર્ણ વિકાસ થયો હોય તો તેની વ્યક્તિ તરીકે સવિશેષ ગણના કરવામાં આવે છે. આ કંઇ વાસ્તવિક નથી. દરેક મનુષ્ય વ્યક્તિ તો છે જ. પ્રત્યેક મનુષ્યને પોતાનું અસ્તિત્વ હોય છે. દરેક મનુષ્યનો બાલ્યકાળથી વિવિધ રીતે વિકાસ થયા કરે છે. કોઇ પણ મનુષ્યના જીવનનું નિરીક્ષણ કરતાં તેનાં જીવનનો એક કે બીજી રીતે કેમ વિકાસ થાય છે એ પ્રત્યક્ષ રીતે માલૂમ પડી શકે છે. પ્રો. હેકલે " Riddle of the Universe " અને " The wonders of Life " નામક પોતાના બે મહાન્ ગ્રન્થોમાં આ મહત્વના પ્રશ્નની કેટલીક રીતે અત્યંત મનનીય સમીક્ષા કરી છે. આમ છતાં તેઓ આ પ્રશ્નને અંગે પોતાના યોગ્ય પ્રદેશની બહાર ગયાથી તેમણે પોતાનું અવલંબન-સ્થાન કેટલેક અંશે ગુમાવ્યું છે એમ સ્પષ્ટ જણાય છે. યોગ્ય વિચાર-પ્રદેશને ત્યજી અન્ય વિચાર-પ્રદેશોમાં પણ તેમણે ગમન કર્યાથી અજ્ઞાનમાં અંધકારમાં તેમણે ગોથાં ખાધાં છે એમ કહી શકાય. આથી જ આત્માના અમરત્વ આદિ કેન્ટના સિદ્ધાન્તોના સંબંધમાં તેમણે કહ્યું છે કે:—

" કેન્ટ બાળકોનો પિતા હોત અને તેમણે પ્રેયરની માફક બાળકના આત્માના વિકાસનું ધૈર્યપૂર્વક અન્વીક્ષણ કર્યું હોત તો બુદ્ધિ એ જીવનનું આધ્યાત્મિક આશ્ચર્ય છે, બુદ્ધ મનુષ્યને સ્વર્ગીય અને અદ્વિતીય ઉપહાર સમાન છે એવાં અસત્ય મંતવ્યનો તેઓ સ્વીકાર કરે ( તેમણે સ્વીકાર કર્યો ) એ અસંભાવ્ય હતું. ચિત્તના પ્રાકૃતિક વિકાસના સંબંધમાં કેન્ટને યથાયોગ્ય જ્ઞાન ન હોવાથી તેણે આવાં અસત્ય મંતવ્યનો સ્વીકાર કર્યો હતો એમ જણાય છે. અનેક મહાન્ સત્યોનાં અન્વેષણનાં કારણરૂપ તુલનાત્મક રીતિઓનો યથાયોગ્ય ઉપયોગ કેન્ટે કર્યો હોય એમ નિર્દિષ્ટ થતું નથી. કેન્ટે પોતાનાં જ ચિત્તનું નિરીક્ષણ કરી તેને માનવ આત્માનાં ચિત્તની પ્રતિકૃતિ રૂપ માન્યું. બાળક આદિનાં ચિત્તની અવિકસિત સ્થિતિના સંબંધમાં તેણે સાવ ઉપેક્ષા કરી હોય એમ પ્રતીત થાય છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યકિતત્વ ભાવના વિકાસના સંબંધમાં હેકલનો મત સત્ય છે પણ બુદ્ધિ અને ચેતનાની એકરૂપતા માની શકાય નહિ. બુદ્ધિ અને ચેતનાની એકરૂપતાનું મંતવ્ય ભ્રમયુકત છે. બુદ્ધિ એ વસ્તુતઃ ચેતનાનું એક સ્વરૂપ માત્ર છે. આત્મા એ વિશુદ્ધ ચેતના છે. ભૌતિક શરીરમાં બદ્ધ થયા છતાં ચેતનાનો આવિર્ભાવ સદાકાળ થયા કરે છે. જેમ વિદ્યુત પ્રકાશ, ઉષ્ણતા આદિ વિવિધ સ્વરૂપોમાં દ્રષ્ટિગોચર થાય છે પણ વિદ્યુતની વિવિધ શકિતઓ દ્રષ્ટિગમ્ય નથી તેજ પ્રમાણે આત્માનાં સ્વરૂપો દ્રષ્ટિગોચર થાય છે; તેની અનેક પ્રકારની શકિતઓ દ્રષ્ટિને અગમ્ય છે. વિદ્યુત્ એ શું છે તેનું યથાર્થ જ્ઞાન જનતાને અદ્યાપિ પ્રાપ્ત નથી થયું. તેનું પ્રકાશ રૂપે પરિવર્તન થાય છે એ સુવિદિત છે. ચેતના માનવ મસ્તિષ્કદ્વારા કાર્ય કરે છે ત્યારે એનો બુદ્ધિ રૂપે આવિર્ભાવ થાય છે. સાધનનાં સ્વરૂપ ઉપરથી સ્વરૂપનાં પ્રકારનું નિદર્શન શકય હોવાથી, મસ્તિષ્કના વિકાસ ઉપર અવલંબિત રહેલ બુદ્ધિશકિતનો પણ યથાયોગ્ય વિકાસ થવો જોઇએ એ નિર્વિવાદ છે; પણ વિદ્યુતનો પ્રકાશ એ જેમ કોઇ ગોળો ( Globe ) કે દીપકનો નિઃસત્વ અવશેષ નથી; તેવીજ રીતે બુદ્ધિ એ મસ્તિષ્કનું નિકૃષ્ટ કોટિનું અવશેષ સત્ત્વ નથી એ સમજવાની ખાસ અગત્ય છે. આત્મા એટલે ચેતના એવો અર્થ લઇએ તો આત્માનો માનુષિક મસ્તિષ્કમાંથી આવિર્ભાવ થયો છે એમ ન જ કહી શકાય. આત્માને કેટલાક વિચારોનું નિષ્પત્તિ સ્થાન માને છે, કેટલાક આત્માને વ્યકિત રૂપ ગણે છે ગમે તેમ હોય પણ આત્મા એટલે ચેતના એ નિઃશંક છે.

બાલ્યકાળમાં અહંભાવનો અભાવ હોય કે અહંભાવના વિચારો ઓછા આવતા હોય તેથી આત્માનું અનસ્તિત્વ સિદ્ધ થતું નથી. નિદ્રા, મૂર્છા આદિ સ્થિતિમાં પણ અહંભાવનો સંપૂર્ણ ( કે પ્રાયઃ ) અભાવ હોય છે પણ તેથી જે તે આત્માનું અનસ્તિત્વ છે એમ કહી શકાય. તિર્યંચ પ્રાણીઓથી વાણીદ્વારા અહંભાવ યુકત ઉલ્લેખ કે નિર્દેશ થઇ શકતો નથી. આમ છતાં એ પ્રાણીઓ મનુષ્ય જેવા જ છે એમ કુરાન પણ કહે છે. કોઇ બાળકને પણ વસ્તુતઃ અહંભાવની ઉત્તેજનાથીજ સંતોષ અને આનંદ થાય છે, કોઇ બીજા બાળકને કંઈ વસ્તુ આપવાથી એક બાળકને ભાગ્યેજ આનંદ થાય છે. દરેક બાળક પોતાને કંઇ વસ્તુ મળ્યાથી આનંદમાં નિમગ્ન થાય છે, એ બાળકમાં પણ અહંભાવ રહેલો છે એમ સ્પષ્ટ રીતે બતાવી આપે છે. કેટલાક મનુષ્યો પોતાને માટે ' હું ' વિગેરે શબ્દોથી નિર્દેશ નથી કરતા આમ છતાં તેમની સ્વનામ સંબોધનયુકત વાણીમાં એક પ્રકારનો અહંભાવ રહેલો હોય છે. અહંભાવનું અધિરાજ્ય આ રીતે સર્વત્ર પ્રવર્તી રહેલું છે.

ચેતનાનો આવિર્ભાવ અનુભવ અને વિચાર એમ બે રીતે થાય છે. ચેતનાનો અનુભવ અનેક રીતે સ્વયમેવ થયા કરે છે. ચેતનાના વિચારયુકત આવિર્ભાવનું અવલંબન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિસ્થિતિ અને વિકાસ ઉપર નિર્ભર રહેલ છે. બાળકનું નિરીક્ષણ કરનારને તે રૂદન આદિથી પોતાનું દુઃખ કેવી રીતે વ્યકત કરે છે તેનું વિચારયુકત નિદર્શન થાય છે, પણ બાળકનું રૂદન, બાળકની ક્ષુધા વિગેરે એના વિકાસની પરિણામજન્ય સ્થિતિઓ નથી. ચેતના એ વિકાસનું પરિણામ હોવાનું મંતવ્ય સર્વથા અસત્ય છે. અચેતન વસ્તુને દુઃખ શકય હોય તો ચેતના કોઇ વિકાસનું પરિણામ છે એમ કહી શકાય. ભૌતિક પદાર્થો માટે રૂદન આદિ જેમ શકય નથી તે જ પ્રમાણે ચેતના કોઇ વિકાસનું શકય પરિણામ નથી એ સર્વથા સુસિદ્ધ છે.

વ્યક્તિત્વ અને તેનાં અધિકરણ વચ્ચે મહાન્ ભેદ છે એ ખાસ સમજવા જેવું છે. વ્યક્તિત્વ એ વિચારો વિગેરે ઉપર નિર્ભર છે. વ્યક્તિત્વનું અધિકરણ એક પ્રકારની જીવન-સત્તા છે. એ સત્તાનો આવિર્ભાવ હરહંમેશ નથી થતો.

આત્માનું અસ્તિત્વ અને અમરત્વ આધ્યાત્મિક અન્વેષણ (શોધખોળ) થી સિદ્ધ થયેલ છે. આત્મા અને ચિત્ત સંબંધી પુષ્કળ સાહિત્ય પ્રકાશમાં આવ્યું છે. આત્મા અને ચિત્તનાં વિવિસ્વરૂપોની અનેક રીતે પરીક્ષા થઇ છે. એ પરીક્ષાથી કુદરતનાં અનેક ગૂઢ સત્યોનું જનતાને આશ્ચર્યકારી જ્ઞાન પ્રાપ્ત થયું છે. આત્માના અસ્તિત્વનું પુરાતન મંતવ્ય દ્રઢ બન્યું છે. વિચારસંક્રમણ, અતીન્દ્રિય દર્શન આદિથી એક વખતની અશકય ગણાતી વસ્તુઓ અને ઘટનાઓ શકય બનેલ છે. આત્મા સંપૂર્ણ સ્વાધીન અને શરીરથી પર હોવાનું યથાર્થ રીતે સિદ્ધ થયેલ છે. આત્મ દ્રવ્ય અને ભૌતિક દ્રવ્યની ભિન્નતા યથાર્થ રીતે સાબીત થઇ ચૂકી છે. આત્મિક અન્વેષણને પરિણામે, ભૂતકાલીન જીવન (પૂર્વ જન્મો) નું સંસ્મરણ પણ કેટલાંક દ્રષ્ટાન્તોમાં થઈ શકયું છે. અધિક શું ?

આત્મા ભૌતિક દ્રવ્યમાંથી ઉત્પન્ન નથી થયો એ આપણે જોયું. આત્માની નૈસર્ગિક શક્તિઓનું જ્ઞાન પ્રબોધનથી સારી રીતે થાય છે. પ્રબોધન ભાવથી પૂર્વ જન્મોનું સંસ્મરણ જાણ્યે-અજાણ્યે થઇ શકે છે. પ્રબોધન વિના પણ પૂર્વ જન્મનું સંસ્મરણ થાય છે એમ પણ બને છે. પૂર્વ જન્મના સંસ્મરણના અનેક દ્રષ્ટાન્તો મળી રહે છે. આમાંનાં કેટલાંક દ્રષ્ટાન્તો ઉલ્લેખનીય છે. મેડમ હેલીન સ્મીથનું હિન્દી રાજકુમારી અને ફ્રાન્સની રાણી મેરી એન્ટોઇનેટ તરીકે પૂર્વજીવન (પૂર્વજન્મોમાં અસ્તિત્વ) એ પૂર્વજન્મનાં સ્મરણનું એક જ્વલંત દ્રષ્ટાન્ત છે. મજકુર સન્નારીના પૂર્વજન્મ સ્મરણ વિષે ખાસ ઉલ્લેખ કરતા મી. માયર્સે મૃત્યુ બાદ મનુષ્યનાં અસ્તિત્વ વિષયક પોતાનાં એક પુસ્તકમાં પૂર્વજન્મનાં સંસ્મરણનાં બીજાં કેટલાંક દ્રષ્ટાન્તો આપ્યાં છે. એ દ્રષ્ટાન્તો અને એ સંબંધી મી. **માયર્સની** સમીક્ષા નીચે પ્રમાણે છે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" પોતે પૂર્વજન્મમાં યુફોર્બસ નામનો એક પરાક્રમી પુરૂષ હતો એવો પૂર્વજન્મનાં સંસ્મરણને પરિણામે નિશ્ચય થયાથી પીથાગોરાસને અત્યંત આનંદ અને સંતોષ થતો હતો. ડૉ. એના કીંગ્સ્ફર્ડ અને મી. એડવર્ડ મેઇટલેન્ડ એક કાળે પૂર્વજન્મમાં કુ. મેરી ( જીસસ ક્રાઇસ્ટની માતા ) અને સંત જૉન હોવાનું તેમનાં પૂર્વજન્મોનાં સંસ્મરણો ઉપરથી અનુક્રમે માલૂમ પડે છે. વીકટર હ્યુગોનો પૂર્વકાલીન અનેક મહાન્‌પુરૂષો રૂપે જન્મ થયો હતો એમ સિદ્ધ થયું છે. વીકટર હ્યુગો પોતાના પૂર્વજન્મોનું સવિસ્તર વર્ણન આપી શકતા હતા. પૂર્વજન્મોની પ્રતીતિ વિશિષ્ટ શકિતવાળા આત્માઓથી જ આપી શકાય છે. વર્ત્તમાનકાળનો વિચાર કરતાં કેટલાક આત્માઓએ જનતાને અનેક રીતે પૂર્વજન્મો અને પુનર્જન્મના સંબંધમાં આવશ્યક પ્રતીતિ કરી આપી છે એમ સ્પષ્ટ જણાય છે."

આધ્યાત્મિક સ્વરૂપના ઉચ્ચ પ્રયોગોને કારણે મનુષ્યમાં જે પ્રબોધન ભાવ ઉત્પન્ન થાય છે તેથી પૂર્વજન્મનું સંસ્મરણ થવાનો સંભવ રહે છે. પ્રબોધન ભાવ હીપ્નોટીઝમને કારણે ઉદ્દીપ્ત થયો હોય અને એ સ્થિતિમાં મનુષ્યને તે કોઇ સર્વોચ્ચ અધિકારસંપન્ન મનુષ્ય છે એમ કહેવામાં આવે કે એવું સંબોધન થાય તો એ સંબોધન કે કથનને પ્રબોધન ભાવયુકત મનુષ્ય સત્ય તરીકે માની લે છે. તેનું વર્ત્તન અને દ્રશ્ય એક ઉચ્ચ આધિકારવાળા મનુષ્ય જેવું થઈ જાય છે. કોઇ પંચત્વ પામેલ મિત્ર કે આપ્તજન વર્ત્તમાન સ્થિતિમાં પોતે જ ( પોતાનો આત્મા ) છે એવું કોઇ મનુષ્યને કહેવામાં આવે તો તેનું પરિણામ પણ કથનને અનુરૂપ આવે છે. મિત્ર કે આપ્તજનના ' આત્મા ' માં મૃત મિત્ર કે આપ્તજનનાં વિશીષ્ટ સ્વરૂપોનો આવિર્ભાવ થાય છે. આત્મા મૃત્યુ પછીની પરિસ્થિતિનું સવિસ્તૃત વર્ણન પણ સંતોષકારક રીતે આપી શકે છે.

કેટલાક મનુષ્યો મૃત આત્મા જોડે સંવ્યવહાર કરી શકે છે. આવા એક મનુષ્ય ( Medium ) અને એક સેનાપતિ વચ્ચે પરસ્પર સમાગમને પરિણામે થયેલ વાર્તાલાપ આદિના સંબંધમાં મી. હડસને " The Psychic Phenomena " નામક અતીન્દ્રિય દર્શન વિષયક પોતાનાં પુસ્તકમાં ખાસ નિર્દેશ કર્યો છે. મી. હડસને મજકુર વાર્તાલાપ પ્રસંગે બધો વખત હાજર રહી વાર્તાલાપ સંબંધી સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. મીડીયમ એટલે મૃતાત્મા જોડે સંવ્યવહાર કરી શકનારા મનુષ્યદ્વારા મૃતાત્મા સાથે ઇષ્ટ વાર્તાલાપ કરી શકાય છે. મૃતાત્મા સંબંધી આવશ્યક જ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે અને મૃતાત્માને પત્ર આદિ પાઠવીને તેનો પ્રત્યુત્તર પણ મેળવી શકાય છે એ ઉપરોકત વાર્તાલાપનું રહસ્ય છે. મીડીયમદ્વારા દૂરસ્થ પ્રદેશોમાં વસતા મનુષ્યો સાથે પણ વાર્તાલાપ આદિ થઇ શકે છે.

—ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુભાષિત સંગ્રહ.

૧ જેમ પુષ્પ મધ્યે રહેલો ભમર તેમાંનો સાર ગ્રહણ કરી લે છે તેમ સર્વ કાર્યોના પ્રસંગે બુદ્ધિમાન સાર ગ્રહણ કરી લે છે.

૨ કીડીનું સંચ્યું જેમ તેતર ખાઈ જાય છે તેમ કૃપણે સંચય કરેલ અનેક પાપારંભથી મેળવેલ ધનની પણ એવી જ દુર્દશા થાય છે.

૩ શાલીભદ્રનું પુન્ય આશ્ચર્યકારક જાગ્યું, પ્રાપ્ત સમૃદ્ધિનો ભોગ-ઉપભોગદ્વારા ઉપયોગ કરી, છેવટ વિરક્તદશા પામીને તે સર્વનો જોત–જોતામાં ત્યાગ કરી ઉંચી દેવશ્રેણીએ ચડ્યા.

૪ અઘોર પાપ કરનારા ચિલાતીપુત્રે ફક્ત સદ્ગુરૂયોગે ઉપશમ–વિવેક અને સંવરનો જ આશ્રય લઇ ફક્ત અઢી દિવસમાં થયેલ વિવિધ વેદનાને સમભાવે સહન કરી લઇ પોતાની ગતિ સુધારી.

૫ દઢપ્રહારીએ ૭ માસસુધી વિવિધ ઉપસર્ગોને–પરીસહોને સમભાવે સહન કરી પોતાના આત્માને સર્વકર્મથી મુક્ત કર્યો.

૬ સમભાવે રહી લગારે ખેદ કર્યા વગર પ્રાપ્ત સુખ–દુઃખ સહન કરી લેવાય તે સિંહવૃત્તિ અને તેવે પ્રસંગે હર્ષ–શોક સેવી જે મનની સમતોલ વૃત્તિ ખોઇ દેવી તે શ્વાનવૃત્તિ કહી છે.

૭ ધર્મશીલ ભાગ્યશાળીના સર્વ સારા મનોરથો સહેજે ફલે છે અને અધર્મશીલ દુર્ભાગીના મનોરથો અવળા જઇ તેને દુર્ગતિદાયક બને છે ત્યારે ધર્મશીલ સોભાગીની સહજે સદ્ગતિ થવા પામે છે જાણી પ્રમાદ તજી ધર્મસેવન કરતા રહેવું.

૮ સહુ સુજ્ઞોએ પાપકરણીનો બનતો અનાદર કરતા રહેવું ઘટે.

૯ જ્ઞાની જાગૃત દશામાં રહી બે ઘડીમાં કર્મનો ચૂરો કરી શકે છે.

૧૦ અજ્ઞાની જીવ ગમે તેવી કઠણ ધર્મકરણી કરે પરંતુ સાધ્યશુદ્ધિ–લક્ષશુદ્ધિ થયા વગર તેવો લાભ નથી પામતો.

૧૧ સત્યથી પાવન થયેલ વાકય વદવું, વસ્ત્રથી ગાળેલ શુદ્ધ જળનું પાન કરવું, ચાલતાં જયણા યુક્ત દૃષ્ટિ રાખી પગલું મૂકવું અને મનશુદ્ધિ યુક્ત સરલભાવે કરણી કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨ નિદ્રા, આળસ, મૈથુન ને ભોજન વધાર્યાં વધે છે ને ચેતનને મૂર્છિત કરે છે. સંયમવાન તેમને કાબૂમાં રાખી સુખી થાય છે.

૧૩ જેને ભવિતવ્યતા અનુકૂળ હોય તેને યોગ્ય પુરૂષાતનાદિક યોગે કાર્યસિદ્ધિ શીઘ્રને સહેજે થવા પામે છે.

૧૪ જેમ બને તેમ સત્‌કરણીમાં યોગ્ય પુરૂષાતન ફોરવવાથી અન્ય અપેક્ષિત કારણો મળી રહે છે ને કાર્યસિદ્ધિ થાય છે, માટે કંટાળ્યા વગર–ખેદ રહિત સ્વહિત-માર્ગે વિચરવું ઘટે.

૧૫ મદ–વિષય–કષાય–નિદ્રા ને વિકથાદિક પ્રમાદ જે દુર્ગતિમાં રખડાવ્યા કરે છે તેમને કાળજી રાખી દૂર કરવા ઘટે.

૧૬ સંસારમાં બૂડતા જીવોને ભારે સહાયક અને મોહાંધકારને ટાળવા જ્ઞાન–સત્ય જ્ઞાન સૂર્ય સમાન પ્રકાશક બની રહે છે.

૧૭ પવિત્ર આત્મલક્ષથી ધર્મસાધનમાં જોડાવું જોઇએ.

૧૮ નવકાર મહામંત્ર, શત્રુંજય જેવા ગિરિરાજ અને શ્રી આદિનાથનું દૃઢ આલંબન ગ્રહણ કરવાથી બેડો પાર થઇ શકે છે.

૧૯ નવકારનું આત્મલક્ષ સુધારવા ધ્યાન–ચિન્તવન કરવાથી ઘણો વધારે લાભ થઇ શકે છે, તેથી તેમાં જ્ઞાનપૂર્વક ચિત્તને જોડવું.

૨૦ એક નવકારના ધ્યાનથી પણ ઘણાં પાપ-પાતિક તૂટે છે, તો પછી તેમાં સવિ-શેષ આદર કરવાથી ઘણો લાભ થઇ શકે.

૨૧ એક એક ઇન્દ્રિયના વિષયને પરવશ થયેલા પ્રાણીઓના બૂરા હાલ થાય છે તો પાંચે ઇન્દ્રિયોને પરવશ પડેલા જીવોનું શું કહેવું ? તેથી જ તેમને વશ નહીં થતાં સ્વવશ કરવા ઘટે.

૨૨ મોકળા ગૃહસ્થોને જિનપૂજાદિક ઠીક ઉપકારક થઈ શકે છે. સામાયક, પૌષધમાં સમભાવ કેળવી શકનાર મહાનુભાવોને તે ભાવપૂજાદિક ખૂબ નિર્જરારૂપ થાય છે તેથી તેમને ખરા સંત–સાધુજનોની પેરે દ્રવ્યપૂજાની જરૂર રહેતી નથી.

૨૩ તેવી પાત્રતા મેળવ્યા વગર દ્રવ્યપૂજાનો અનાદર ન જ કરતાં તેમાં યોગ્ય આદર રાખી તેવી પાત્રતા વધે તેમ લક્ષ કરવું.

૨૪ અંગશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, મનશુદ્ધિ, ભૂમિકાશુદ્ધિ સાથે જ પૂજાનાં ઉપગરણની શુદ્ધિ, ન્યાય દ્રવ્ય તરફ ઠીક આદર અને વિધિમાર્ગની શુદ્ધિ સેવનારને સારો લાભ થઇ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

## વૃક્ષો જ્યાં વાત કરે છે!

વૃક્ષો, વેલાઓ તે વળી કોઇ દિ' બોલતા હશે ?

તમે એ વાત નહીં માનો, પણ જો વૃક્ષો વિગેરેમાં વનસ્પતિકાય વસે છે અને વનસ્પતિકાયમાં પણ સુખ—દુઃખ અનુભવવાની ચેતના હોય છે એ વાત શ્રદ્ધાથી સ્વીકારતા હો તો પછી શ્રી જગદીશ બસુ જેવા સમર્થ વિજ્ઞાનવેત્તા એ વૃક્ષોની સાથે વાત કરે અને એ વાત એમની પોતાની જ ભાષામાં ઉતારે એ વિષે કાંઇ આશ્ચર્ય ન રહેવું જોઇએ.

વૃક્ષોની પોતાની વાત સાંભળવા માટે જગદીશ બાબૂએ કેવા કેવા ભગીરથ પ્રયત્નો કર્યા છે, વૃક્ષ—વેલ વિગેરેમાં, આપણા જેવું જ ચૈતન્ય વહે છે એ

---

૨૫ તેવા દરેક પ્રસંગે અવિધિદોષ અધિક સેવનારને તે કરણી ભાગ્યે જ ફળદાયક થઇ શકે છે, માટે વિધિમાર્ગનું અધિક આદરથી સેવન કરતા રહી અન્ય જનોને પણ માર્ગદર્શક બનવું ઘટે.

૨૬ દેવપૂજા, સદ્ગુરુસેવા, સ્વાધ્યાય, સંયમ તપ અને દાન એ ષટ્કર્મ ગૃહસ્થ જનોને દિનપ્રત્યે કરવા કહ્યાં છે.

૨૭ વિનય બહુમાન સાથે તેનો લાભ લેવા ચૂકવું નહીં.

૨૮ વિનય રહિતને ધર્મકરણી ભાગ્યે જ ફળે છે.

૨૯ વિનય જૈનશાસનનું મૂળ હોઇ તેમાં અનાદર કરવો ન ઘટે.

૩૦ દરેક ધર્મકરણી કે વ્યવહારમાર્ગમાં તે ભારે સહાય કરે છે.

૩૧ તેથી જ શુદ્ધ દેવ, ગુરૂ ને સાધર્મીજનોનો બને તેમ યોગ્ય આદર કરવો અનાદર તો ન જ કરવો.

બને તેટલી આજ્ઞારાધના તરફ લક્ષ રાખવું, વિરાધના તો ન જ કરવી. જેથી જીવનું લક્ષ સુધરવા સુલભ થાય તેમ આદરથી વર્તવું. ( સ૦ મુ૦ શ્રી કર્પૂરવિજયજી મ૦ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધ કરવા એમણે કેટકેટલી સાધના કરી છે, અને એમાં એમને કેટલી સફળતા મળી છે તે ટૂંકામાં અહીં જણાવીશ.

વીજળીનો આંચકો લાગતાની સાથે જ આપણા દેહમાં ઝણઝણાટી છૂટે છે. વિજળી સંબંધી વિચાર કરતા–સંશોધન કરતાં બસુ બાબુને પણ લાગ્યું કે જેને આપણે (વૃક્ષાદિ) જડ માનીએ છીએ તે દેહમાં પણ વિજળીનો ધક્કો લાગતાં એવી જ ઝણઝણાટી છૂટે છે, માટે જડ એ વસ્તુતઃ જડ નહીં, પણ ચેતનવંતા જ રહેવા જોઇએ.

બસુ મહાશયે, એ પછી તરત જ જડ અને ચેતન વિશે અભ્યાસ શરૂ કર્યો. એમણે જોયું કે જડ (વૃક્ષાદિ) પદાર્થોમાં પણ ઉત્તેજના પ્રકટે છે. આઘાત કરીએ તો તેની વેદના અનુભવે છે, અને થોડી વારે એ પદાર્થ પોતાની મૂળ સ્થિતિમાં ઉભો રહે છે.

વધારે ઉત્તેજક ઔષધ આપવાથી, અથવા વધારે પડતી ઝેરની માત્રા આપવાથી, પશુ—પ્રાણી મરી જાય તેમ આ વનસ્પતી-કાય પણ સાવ અચેતન બની જતા એમણે જોયા.

એ પ્રકારના પ્રયોગો ઉપરથી એમણે નિશ્ચય કર્યો કે આપણે જેને જડ કહીએ છીએ તેમાં પણ ચેતન સુપ્ત અવસ્થામાં હોય છે.

એક તરફ જળચર, થળચર અને ખેચરોની સૃષ્ટિ અને બીજી તરફ લોઢું, લાકડું, માટી અને પત્થરનો ભરેલો સંસાર એવા બે ભાગ એમણે પાડયા. એ બેની વચ્ચે વસતા વનસ્પતી જગત વિષે વધુ ઉંડા ઉતરવાની એમણે પ્રતિજ્ઞા લીધી.

વૃક્ષના દિલની વાત સાંભળવામાં ત્રણ મોટા અંતરાય નડયા: (૧) વૃક્ષને પોતાની વાત સંભળાવવી જ પડે, ફરજીયાત વૃક્ષને બોલવું પડે, તે માટે શી ગોઠવણ કરવી ? (૨) એની વાત શી રીતે સમજવી ? અને (૩) એને નાક, કાન જેવી કોઈ કર્મેન્દ્રિય હશે કે કેમ ?

પહેલી મુશ્કેલી તો ટળી ગઇ કારણ કે આઘાત કરવાથી કે આંચકો લગાડવાથી વૃક્ષને વેદના થાય છે—ઉશ્કેરાય છે એ વાત સિદ્ધ થઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી મુશ્કેલી વટાવવા, બસુ બાબુએ એક એવું યંત્ર તૈયાર કર્યું કે જે વૃક્ષના સૂક્ષ્માતિ સૂક્ષ્મ ધબકારાને પણ એક કરોડગણા બનાવીને વ્યકત કરે. સૂક્ષ્મદર્શક યંત્ર માત્ર ત્રણ હજારગણું રૂપ વધારી શકે છે, એ કરતાં એની વધુ શકિત નથી. બસુ બાબુએ એને કરોડગણું વ્યકત રૂપ આપ્યું. આ યંત્ર જોઇને વૈજ્ઞાનિકો સજ્જડ બની ગયા.

પ્રાણી માત્રને હાથ, પગ, આંખ, નાક, મ્હોં હોવા જ જોઇએ એમ આપણે માની લીધું છે. હવે વનસ્પતિમાં પ્રાણ હોય તો એને આંખ, કાન જેવું કંઇક જરૂર હોવું જોઈએ એમ કેટલાકો કહે છે. વૈજ્ઞાનિકો એનો જવાબ આપે છે કે ઇન્દ્રિયના બાહ્ય આકાર ઉપર બહુ ભાર મૂકવાની જરૂર નથી. વનસ્પતિ–કાય પોતાની સ્પર્શેન્દ્રિયવડે જીવનની ઘણી આવશ્યક ક્રિયાઓ કરી શકે છે. ઇન્દ્રિય વિશેષની ક્રિયા, અન્ય કોઇ રીતે થતી હોય તો પછી, ઉપર કહી તેવી ત્રીજી મુશ્કેલીનું આપોઆપ સમાધાન થઈ જાય છે.

બસુ બાબુએ તૈયાર કરેલા યંત્રની બીજી પણ એક ખૂબી છે, એ ખૂબી સમજવા માટે વેદના શું છે તે સમજવું પડશે.

પગમાં કાંટો વાગે કે તરત જ જ્ઞાનતંતુઓ, મસ્તિષ્કને સંદેશો પહોંચાડવા પોતાની ક્રિયા શરૂ કરે છે. કાંટો વાગ્યો—ન વાગ્યો એટલામાં તો એવી ઝડપથી સમાચાર પૂરી વળે છે કે આપણે જાણે કે બીજી જ પળે કાંટા ઉપરથી પગ ઉઠાવી લેતા હોઇએ એમ આપણને લાગે, પણ કાંટાની વેદના મસ્તિષ્ક સુધી પહોંચે અને મસ્તિષ્કની આજ્ઞા મળતાં જ પગ પાછા હઠે એ બે ક્રિયાઓ વચ્ચે થોડો સમય પસાર થઇ જાય છે, જંતુઓમાં આવી ક્રિયા ચાલે છે તે જ પ્રમાણે વનસ્પતિમાં પણ એવી જ ક્રિયા ચાલે છે, બસુ બાબુના યંત્રમાં, આ ક્રિયાની બારિકમાં બારીક નોંધ લેવાય છે, પગનો સંદેશો મસ્તિષ્ક તરફ કેવી રીતે પહોંચે છે અને મસ્તિષ્કનો જવાબ પાછો કેવી રીતે કરી વળે છે તે બધું વિગતવાર સમજવામાં આ યંત્ર સહાય કરે છે. એ યંત્રની મદદથી, એક સેકંડના એક હજારમા ભાગમાં શું શું બને છે તેની નોંધ લેવાય છે.

વનસ્પતિકાયમાં અને જીવ-જન્તુમાં કેટલી સમાનતા છે તે શ્રી જગદીશ બાબુએ પૂરવાર કરી આપ્યું છે.

(૧) સંકોચ અને વિકાસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) સંચલનશીલતા

(૩) સ્પંદશીલતા

(૪) રકતસંચાર : એટલે કે

(૧) વૃક્ષને ઝેરની અસર થાય છે (૨) વૃક્ષના એક ભાગમાં તમે આઘાત કરો તો એનો સંદેશ દૂર દૂરના ભાગમાં પૂરી વળે છે (૩) બધા ભાગોમાં આ વેગ અથવા અનુભૂતિ પ્રકટે છે અને (૪) દેહને ટકાવી રાખનારો રસ બધે દોડી વળે છે.

લજામણીનો છોડ એને માટે એક સરસ દાખલો રજુ કરે છે. તમે એના એક પાંદડાને જરા અડી જુઓ એ તરત જ સંકોચાઈ જશે. આ સંકોચની ક્રિયા લગભગ આપણા જેવી અથવા તો જીવ-જન્તુ જેવી જ હોય છે.

કેટલાક વૃક્ષોમાં આવી ક્રિયા બરાબર સ્પષ્ટપણે કળાતી નથી પણ એટલા ઉપરથી એવી ક્રિયા ચાલતી જ નથી એમ ન માનવું, મુંગો માણસ બોલી શકતો નથી—પોતાની લાગણી બતાવી શકતો નથી એટલે એનામાં પ્રાણશકિત જ નથી એમ કંઇ થોડું જ કહેવાય ?

બસુ બાબુએ વૃક્ષમાં વિજળીનો પ્રવાહ મૂકી, વૃક્ષના જીવો કેવા કંપી ઉઠે છે તેની નોંધ લીધી છે. જીવ ન હોય તો એ વિજળીની કંઇ અસર ન થાય.

મનુષ્ય—શરીરના કોષાણુઓમાં જેવો સંકોચ થાય છે તેવો જ વૃક્ષના કોષાણુઓમાં પણ થાય છે એમ પણ બસુ બાબુએ યંત્રની મદદથી સિદ્ધ કર્યું છે.

શરીરના એક ભાગમાં દુઃખ થતાં જ સારાયે શરીરમાં ખળભળાટ મચે છે, તેમ વૃક્ષના દેહમાં એવી જ અનુભૂતિ કામ કરે છે, એ વાત પણ એમણે નિઃસંશયપણે સાબીત કરી દીધી છે. કલોરોફોર્મ આપવાથી માણસનું અમુક અંગ ખોટું પડી જાય છે તેમ વનસ્પતીને વિષે પણ બનતું એમણે જોયું છે.

માણસને તાવ આવે છે ત્યારે તેનું લોહી જોરથી વહે છે તે જ પ્રમાણે અધિક તાપને ટાણે વૃક્ષો એવી જ સ્થિતિ અનુભવે છે.

વૃક્ષમાં જીવન જેવી કોઇ વસ્તુ ન હોય તો મૂળમાંનો રસ, પાંદડે પાંદડે શી રીતે પહોંચી વળે, એના જવાબમાં વૈજ્ઞાનિકો કહેતા કે વૃક્ષના મૂળમાંથી જે દબાણ આવે છે અને પાંદડામાંથી જે વરાળ છૂટે છે તેને લીધે એ બધી ક્રિયાઓ થયા કરે છે. મતલબ કે એ બધી જડસૃષ્ટિની કરામત છે, બસુ બાબુએ પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયોગોવડે એ ભ્રમણા દૂર કરી છે તેઓ કહે છે કે મનુષ્યના અને પશુપ્રાણીઓના દેહમાં જેમ લોહી પૂરે છે તેમજ વૃક્ષનાં દેહમાં રસ ફરી વળે છે.

બસુ બાબુની શોધખોળ જેમ માણસને અજાયબીમાં ગરકાવ કરી દે છે તેમ તેમણે બનાવેલાં યંત્રો જોઈને ભલભલા કારીગરો અને વિજ્ઞાનવેત્તાઓ પણ મ્હોમાં આંગળી નાખે છે. એક દાખલો દઉં.

૧૯૧૪ માં યુરોપમાં ભયંકર યુદ્ધ ચાલતું હતું, જર્મનનો દરીયાઇ કાફલો જો વિલાયતની સામે મોરચો માંડીને ઉભો રહે તો વિલાયતનું નખોદ નીકળી જાય એવી સ્થિતિ હતી. અંગ્રેજ–કાફલાના અધિકારીઓ, જર્મન દરીયાઈ કાફલા તરફ બહુ જ ભયની નજરથી જોતાં

એ વખતે બ્રીટીશ દરીયાઇ–કાફલાના અધિકારી, એડમીરલ જેકસને એવી ગોઠવણ કરી હતી કે જેટજેટલા તાર વગરના સંદેશા થાય તે બધા તેની પોતાની ઓફીસમાં સંભળાય. જર્મન કાફલાના છુપા સંદેશા પણ અહીં એ રીતે પહોંચતા, પણ આમાં એક મુશ્કેલી નડતી એ દોરડાવગરના સંદેશા કઈ દિશામાંથી આવે છે તે સમજાતું નહીં. હવે જો દિશા જ ન સમજાય તો કઈ તરફ કાફલો જમાવટ કરે છે તે શી રીતે સમજાય ? દુશ્મનના આગમન ની દિશા ન કળાય ત્યાં સુધી એ સમાચારનો ઉપયોગ પણ શું ?

બસુ બાબુએ બુદ્ધિબળથી દિશા બતાવનારૂં યંત્ર તૈયાર કર્યું. આ યંત્રની સહાયથી જર્મન કાફલો કયાં જમાવટ કરતો હતો તે બ્રીટીશ ઓફીસરો તરત જ સમજ્યા અને એદકમ હુમલો કરીને જર્મનીનો કાફલો છિન્નભિન્ન કરી નાખ્યો.

આવા આવા તો કોણ જાણે કેટલાય યંત્રો એમણે તૈયાર કર્યા છે. બસુ બાબુએ વિજ્ઞાનની વેદી ઉપર પોતાનું સર્વસ્વ સમર્પી દીધું. વિજ્ઞાનના વિકાસની ખાતર જ તેઓ જીવે છે. માનવતાનો પ્રચાર અર્થે જ તેઓ રાત-દિવસ પરિશ્રમ કરે છે. દેશ–વિદેશમાં પણ એમણે પોતાની નવી નવી શોધોને લીધે અમર કીર્તિ મેળવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપ.

અભ્યંતર તપ એટલે અંદરનો તપ જેને આત્મા પિછાની શકે, પણ બહારના જગતને તેની જાણ ભાગ્યેજ થઈ શકે. જો કે વિશિષ્ટ જ્ઞાનીઓથી તો એ પણ છુપું ન રહે. એના છ પ્રકાર આ પ્રમાણે—

પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ. જો કે આમાં દેહને કોઇ ને કોઇ પ્રકારની કરણી કે ક્રિયા અવશ્ય આચરવાની છે, છતાં પણ ઉપરોક્ત દરેક પ્રકારની સીધી અસર આત્મા સાથે સંકલિત થયેલી છે; તેથી જ દુન્યવી ચક્ષુઓ એના મૂલ્યાંકન નથી કરી શકતા. આત્મા પોતેજ એમાં સાક્ષીભૂત છે. જેટલી નિખાલસતાપૂર્વક એ વર્તે છે એટલા ભારી ફળ એની પ્રવૃત્તિને બેસે છે. બાહ્યતપ કરતાં આ આંતરિક તપના લાભ અતિ ઘણા છે.

૧ **પ્રાયશ્ચિત**—એટલે કરેલા અપરાધ, ગુન્હા, પાપ અથવા તો થયેલી સ્ખલના માટે અંતઃકરણપૂર્વક પશ્ચાત્તાપ કરી માનસિક વિચારણાદ્વારા કે કાયિક તપદ્વારા શુદ્ધિ કરવી તે. આના લગભગ દસ પેટાભેદ છે. તાત્પર્ય તો એટલું જ છે કે જીવ પ્રવૃત્તિવશ બની પ્રમાદ કિંવા ઉપયોગહીનતાથી પાપાચરણ કરી બેસે છે પણ એની પાછળ જો સાચો પશ્ચાત્તાપ હોય તો કર્મબંધનની ચીકણી ગાંઠથી અવશ્ય તે બચી જાય છે. પ્રતિક્રમણની ક્રિયા એ પણ અપરાધની શુદ્ધિ કરવા અર્થેજ છે ને? કહ્યું છે કે—

આત્મા પોતાના ધર્મથી ચૂકી પ્રમાદવશ બની પરધર્મમાં આત્મા સિવાયના બીજા કાર્યોમાં રત બન્યો હોય તેમાંથી પાછા ફરી પોતાના મૂળ સ્વભાવમાં આવવું એનું નામ પ્રતિક્રમણ.

૨ **વિનય**—ગુણવંતની ભક્તિ કરવી તથા તેમના પ્રતિ થતી આશાતનાથી બચવું એનું નામ વિનય. જૈન સિદ્ધાન્તમાં વિનયપર સવિશેષ વજન મુકવામાં આવ્યું છે. કહ્યું છે કે **विनयमूलो धम्मो** અર્થાત્ ધર્મનું મૂળ વિનય છે. જ્યાં વિનય નથી ત્યાં કંઇ નથી, એમ કહીયે તો જરાયે અતિશયોક્તિ જેવું નથી. એમાં તીર્થંકરાદિ પ્રતિભાસંપન્ન વિભૂતિઓ, તેમની પ્રતિકૃતિઓ અને તેમનાદ્વારા ઉપદેશાયલા આગમો અગ્રસ્થાને છે. એ પછી સંસારત્યક્ત ત્યાગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાત્માઓ આવે છે. અંતમાં માતા–પિતા અને વડિલ વર્ગનું સ્થાન છે. એ સર્વ પ્રત્યે બોલવા–ચાલવામાં, તેઓની આજ્ઞા બજાવવામાં, તેઓનું બહુમાન કરવામાં અને કોઇપણ રીતે તેઓને અનુચિત ન લાગે તેવું આચરણ આદરવામાં, સ્વજીવન નમ્રતાભર્યું બનાવવામાં વિનય તપનો સમાવેશ થાય છે. વિનય સાધ્યો તેણે ધર્મ સાધ્યો એમ કહેવું જરા પણ ખોટું નથી. વિનયનું અંતિમ ફલ મુકિત છે.

૩. **વૈયાવૃત્ય**–ગુરૂ આદિકને આહારાદિક આણી આપવા તથા તેઓશ્રીની શરીર સંબંધી શુશ્રૂષા કરવી અર્થાત્ ટૂંકમાં કહીએ તો સેવાધર્મનું પાલન કરવું એજ વૈયાવચ્ચ.

**'सेवाधर्मो परमगहनो'** એ વાકયમાં વૈયાવૃત્યનો સારોયે ભાવ સમાઇ જાય છે. ગુરૂ આદિકમાં દેવથી માંડી સંસારમાં રહેલ માતા–પિતાદિ વડીલ-વર્ગનો સમાવેશ થઇ જાય છે. એક સ્થળે ગુરૂના આઠ પ્રકાર પાડતાં શિક્ષણ-દાતા, અધ્યાપક અને જ્ઞાતિના મોટેરાઓને પણ એમાં ગણાવેલાં છે. અભ્યંતર તપના વિનય–વૈયાવૃત્ય આદિ પ્રકારો પર કેટલું કહેવાય ! એ અકેક ગુણમાં આત્મકલ્યાણ સાધવાની યાને આત્મસાક્ષાત્કાર કરાવવાની અચિંત્ય શકિત રહેલી છે. એ પર પુસ્તકના સંખ્યાબંધ પાનાઓ ભરાયેલા છે. એના વર્ણન કરતાં વર્તન જ વધુ શોભાસ્પદ છે. વિનયવડે ચંડાલ પાસેથી વિદ્યા ગ્રહણ કરનાર શ્રેણિક ભૂપતિનું ઉદાહરણ આપણે કયાં નથી જાણતા ? વૈયાવૃત્યથી ચક્રવર્તી કરતાં પણ અધિક બળ પ્રાપ્ત કરનાર બાહુબલિ તો આપણી નજર સામે જ છે. વૈયાવચ્ચ-સેવાશુશ્રૂષા કરવાના એક નિયમમાત્રથી સાધુ નંદિષેણે કેવો જીવન પલટો આણ્યો અને અલ્પકાળમાં આત્માને ઉત્ક્રાન્તિના માર્ગે લીધો એ શું કોઇ પણ જૈન સંતાનથી અજાણ્યું છે ?

૪ **સ્વાધ્યાય**—ભણવું–ભણાવવું, સંદેહ દૂર કરવો, ભણેલું ફરી સંભારવું, અર્થ ચિંતવવો અને ધર્મોપદેશ કરવો તે.

૫ **ધ્યાન**—માઠા ધ્યાનથી પાછા હઠવું, વારંવાર ખોટી વિચારણામાં વહી જતાં મનને અટકાવી સારી વસ્તુના વિચારમાં વાળવું તે. એના ચાર પ્રકાર છે. એ સંબંધી વિવેચન હવે પછી જરા વિસ્તારથી કરીશું.

૬ **કાયોત્સર્ગ**—આત્મા સિવાયની દરેક ચીજ એ પરવસ્તુ છે, એનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રવણ અને સંસ્મરણ

**યક્ષનો કીસ્સોઃ—**

ધનના સાચા પહેરગીર જો કોઈ હોય તો યક્ષદેવ એમ એક સમયે ભારતવર્ષમાં મનાતું. યક્ષ જ ગામનું અને કંજુસોના ધનનું રક્ષણ કરવાને શકિતમાન છે એવી સામાન્ય લોકમાન્યતા હતી. એટલે જ જુના યુગમાં ઘણે-ખરે સ્થળે યક્ષના મંદિરોની ભરમાર રહેતી–યજ્ઞની પૂજા–ઉપાસના પણ ખૂબ ઠાઠમાઠથી થતી.

શ્રી રવીંદ્રનાથ ટાગોરે, આ યક્ષના વિષયમાં એક સરસ કીસ્સો લખ્યો છે. યક્ષની માન્યતામાંથી કેવા ક્રૂર પરિણામ નિપજતાં તેનો તેમણે પોતાના કીસ્સામાં થોડો ખ્યાલ આપ્યો છે :

---

**સર્વથા** ત્યાગ કર્યા વિના મુકિત અશકય છે; તેથી એ ત્યાગની પ્રેકટીશ પા-ડવા નિમિત્તે અમુક સમય પર્યંત કાયાને અને એ દ્વારા–વાણી અને મનને પણ અમુક ચોક્કસ વિષયમાં મર્યાદિત કરવું તે.

એક લોગસ્સથી માંડી ચાળીશ લોગસ્સ આદિના કાયોત્સર્ગ દર્શાવવામાં આવ્યા છે. એ બધાનો હેતુ કર્મક્ષયનો જ છે. નવા કર્મોનું આગમન રોકવું અને જુના–સત્તામાં હોય તેનો ક્ષય કરવો એ કાયોત્સર્ગ કરવામાં રહેલો ભાવ છે. એ વેળા ‘ મૌન ’ નું ખાસ અવલંબન કરવાનું છે. હોઠ સરખો પણ ફફડાવવાની એ વેળા મના કરવામાં આવી છે. મૌન દશામાં સમાયેલા રહસ્યનો ભેદ જ્ઞાની સિવાય કોણ કહી શકે ? એનો લાભ મેળવનાર પુરૂષો પણ વીરલા જ હોય છે. આમ છતાં એનો અભ્યાસ પાડવાથી ઇષ્ટસિદ્ધિ નજીક જરૂર આવે છે. આ સર્વને દૈનિક જીવનમાં ઓછુંવતું સ્થાન અપાતું રહે તેથી જ શ્રાવકના ષટ્કર્ત્તવ્યમાં એનો ઉલ્લેખ કરાયેલો છે. બાકી આત્મા ઉચ્ચ દશામાં પ્રયાણ કરતો હોય ત્યારે જ એનું યથાર્થ સ્વરૂપ પીછાની શકે છે.

**ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક બૂઢ્ઢા પાસે સારો પૈસો હતો. આખી જીંદગી તેણે કંજુસાઇમાં જ ગાળી હતી. એક પાઇ એની છાતીએથી છુટે એવો કોઈ સંભવ ન હતો. પોતાના પુત્રને એ કંજુસાઈની જ કેળવણી આપવા મથતો, પણ પુત્રને એ વાત ન્હોતી ગમતી. તે પોતાના બાપનું ઘર છોડી બ્હાર દેશાવરમાં રળવા–કમાવા માટે ચાલ્યો ગયો.

પુત્રને પણ એક સંતાન હતું. આ ન્હાનું બાળક બૂઢ્ઢાને બહુ ગમતું. પુત્ર પોતાના બાળકને સાથે લઇ ગયો. વૃદ્ધ પુરૂષ, ધનના મોહને લીધે ઘર છોડી શક્યો નહીં. ધનનું સંરક્ષણ એ જ એનું એક માત્ર જીવનધ્યેય હતું.

કેટલાક દિવસો એમ ને એમ વીતી ગયા. અચાનક બૂઢ્ઢાએ માર્ગમાં એક ૯–૧૦ વર્ષનું એક બાળક જોયું. બૂઢ્ઢાને એ બાળક તરફ સ્વાભાવિક રીતે જ મમતા જાગી. તે સ્નેહથી પેલા બાળકને પોતાને ઘેર લઈ ગયો.

બાળકનું તે બહુ સારી રીતે જતન કરતો. બ્હારગામ ગયેલા પૌત્રનું સ્થાન તે બાળકે ભરી દીધું. બોલવામાં–ચાલવામાં અને આકારમાં પણ એ પોતાના પૌત્ર જેવો જ એને લાગ્યો.

એક દિવસે બૂઢ્ઢાને દુર્બુદ્ધિ સૂઝી. ધનના સંરક્ષણની ચિંતાએ બૂઢ્ઢાને રાક્ષસ બનાવ્યો. એને થયું કે જો આ બાળકને ધનભંડારનો યક્ષ બનાવ્યો હોય તો એ ભંડાર કોઈ લૂંટી શકે નહીં.

બાળકને લાલચ આપી. બુઢ્ઢો એક અંધારા ભોંયરામાં એને લઇ ગયો. ત્યાં તેને સારૂં ખાવાનું આપ્યું. ધૂપ–દીપ કર્યા. કંઇક મંત્રો પણ ઉચ્ચાર્યા. બાળકને આ વિધિમાં કંઈ ભય જેવું ન લાગ્યું. માત્ર ભોંયરાના અંધકારથી, ધૂપની ગુંગળામણથી તે જરા બેચેન જેવો દેખાતો હતો.

બૂઢ્ઢાએ કહ્યું: “ જો આ ધનભંડાર તારોજ છેઃ એના ઉપર મારા પુત્રનો અને પૌત્રનો અધિકાર છે. એ બે સિવાય કોઇને પણ આમાંથી રાતી પાઈ સરખી યે આપવાની નથી. ”

બાળકે માત્ર માથુ ધૂણાવ્યું. કહ્યું કે : “ બસ, હવે ચાલો આપણે બ્હાર જઇએ. ”

બૂઢ્ઢાએ પૂરી ફરીને બે–ત્રણ વાર એની એ જ વાત કહી. બાળકને એ પુનરૂક્તિનો કંઇ અર્થ ન સમજાયો. હવે તો તે ગભરામણને લીધે બ્હાર નીકળવા ઉતાવળો બન્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલામાં કંઇક બ્હાનું કાઢી, બૂઢ્ઢો બહાર નીકળી ગયો. ભોંયરાના બારણાં ધબોધબ દેવાઈ ગયાં. થોડી જ ક્ષણોમાં પેલો બાળક બેહોશ બની ત્યાં જ ધરતી ઉપર ઢળી પડયો. એના પ્રાણ ઉડી ગયા.

કંજૂસ બૂઢ્ઢાએ, એ રીતે, પોતાના ધનની ચોકી રાખવા માટે એક નવો યક્ષ નીમ્યો. પેઢી દર પેઢી એ યક્ષ પોતાના ભંડારની ખડે પગે ચોકીદારી કર્યા કરશે એમ માની સંતુષ્ટ થયો.

થોડા વર્ષ પછી જ્યારે એનો પુત્ર ઘેર આવ્યો ત્યારે બૂઢ્ઢાએ પોતાના વ્હાલા પુત્રના કુશળવર્તમાન પૂછયા. એના જવાબમાં "બાળકને તો કોઇ બાવા લઈ ગયા હતા—હજી સુધી એનો પત્તો જ નથી," એવી મતલબની હકીકત સાંભળી.

બૂઢ્ઢાને હવે કંઈ જ શંકા ન રહી કે જે બાળકનું પોતે બલિદાન દીધું હતું તે વસ્તુતઃ બીજા કોઇનું નહીં પણ પોતાનું જ સંતાન હતું, બૂઢ્ઢાને એ હકીકત સમજાતાં સખ્ત આઘાત લાગ્યો, એ આઘાતને લીધે તે તત્કાળ મૃત્યુ પામ્યો.

×× ×× ××

યક્ષ અને યક્ષનાં મંદિરોના ઇતિહાસમાં આવી કરૂણ કથાઓ જ ભરી હોય છે. એમ કહેવામાં આવે છે કે જે માણસને યક્ષ બનાવવો હોય તેનો બહુ જ નિર્દયપણે વધ કરવામાં આવતો. "તારે આ ગામનું રક્ષણ કરવાનું છે—આ ગામમાં કોઇ દિવસ રોગ–શોક ન ઉદ્ભવે એની તારે તકેદારી રાખવાની છે." એવી એવી વાતો ખૂબ જોરથી કહેવામાં આવતી—એના દિલ ઉપર ઠસાવવામાં આવતી મૃત્યુ પછી પણ એ વાત ન ભૂલે, ભૂત–પ્રેતના ભવમાં પણ એને એ યાદ રહી જાય એટલા સારૂ વારંવાર એ વાત એને કહેવામાં આવતી; પછી એનો વધ થતો અને ત્યાં એકાદ યક્ષમંદિર પણ ખડું થઇ જતું.

ભગવાન મહાવીરના સમયમાં આ વ્હેમે ખૂબ જોર પકડયું હતું. ભગવાને યક્ષના મંદિરોમાં રહી, યક્ષ સંબંધી વ્હેમોમાંથી જનસમૂહને બચાવી લીધો. યક્ષના ભયમાંથી ઉદ્ધાર પામેલી પ્રજાએ ભગવાન મહાવીરના પ્રતાપે એક નવો જ સુવર્ણયુગ પ્રકટતો અનુભવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વેદનો વિરોધ શા સારૂ ?

વેદને આપણે–જૈનો નથી માનતા. વેદને નથી માનતા તેઓ નાસ્તિક છે એમ વેદાનુયાયીઓ કહે છે. આપણે કહીએ છીએ કે વેદમાં હિંસા છે એટલે વેદ જો ઇશ્વરીય જ્ઞાન હોય તો વેદ અને હિંસા એ બન્ને એક સ્થાને રહી શકે નહીં. આના જવાબમાં વૈદિકો એવો બચાવ કરે છે કે વેદની હિંસા એ હિંસા જ ન કહેવાય આપણે એ બચાવ કબૂલ નથી રાખતા. હિંસાને માન્ય કરવી તે કરતાં નાસ્તિક કહેવાવું એ શું ખોટું ?

વેદના સ્વતંત્ર અભ્યાસીઓ તો એટલે સુધી કહે છે કે વેદમાં હિંસા છે એટલું જ નહીં પણ **इस संसारमें एसी कोइ कुप्रथा नहीं है, जिसका मूल स्रोत वेदोंमें न पाया जाय**—સંસારમાં એવી કોઈ કુપ્રથા નથી, જેનું મૂળ કારણ વેદમાં ન હોય.*

દાખલા તરીકે ઋગ્વેદ મંડલ....૩, સૂક્ત ૩૧. મંત્ર ૧ લો. જુઓ પુત્રોત્પત્તિ અર્થે પિતા પોતાની જ પુત્રી સાથે વ્યભિચાર કરે: સ્વામી દયાનંદ સરસ્વતીએ પિતાનો અર્થ સૂર્ય તથા પુત્રીનો અર્થ ઉષા કરી, મૂળ આશય ઉપર હરતાલ ફેરવવાનો પ્રયત્ન કર્યો છે, પણ એ અર્થ કૃત્રિમ છે. સૂર્ય એટલે પિતા અને ઉષા એટલે પુત્રી એવો ઉલ્લેખ કોઇ પણ કોષમાં નથી. યાસ્કાચાર્ય–નિરૂક્તકાર પોતે પણ એ વાત નથી માનતા.

પિંડદાનાદિ વિધિને એકાંતપણે વળગી રહેતા જતાં આ અનર્થ ઉત્પન્ન થવા પામ્યો છે. મનુષ્યે પિંડદાન તો કરવું જ જોઈએ. હવે પિંડદાન કરી શકે એવો પુત્ર ન હોય તો ? તો પોતાની પુત્રીથી પિતાએ પુત્ર ઉપજાવવો એમ કહેતાં સામાન્ય નીતિની પણ એમણે પરવા ન કરી.

યજુર્વેદ.... અધ્યાય ૨૩, મંત્ર ૧૯ થી ૨૮ સુધીમાં એવો એક વિધિ વર્ણવે છે કે જંગલીમાં જંગલી ગણાતી રૂઢીને પણ વટાવી જાય. જેનો ગુજરાતી કે હિંદી ભાવાર્થ આપવા જતાં પણ લેખકને સંકોચ થાય એવો આ વિધિ છે. ટૂંકામાં યજમાનની સ્ત્રી, ઘોડા સાથે વ્યભિચાર કરે એ મતલબનો એ મંત્ર છે.

પ્રાર્થનાને નામે અશ્લીલતા કેટલી આગળ વધે છે તે જોવું હોય તો અથર્વવેદ કાંડઃ ૬, સૂક્ત ૭૨, મંત્ર ૧, ૨, ૩ જોઇ લેવો. એ મંત્રમાંની અશ્લીલતા એવી છે કે કોઇ અનુવાદક એનો અર્થ આપતાં શરમાય.

* શ્રીદેવદત્ત ભટ્ટ–એડવોકેટ : વિશ્વમિત્ર : એપ્રીલ ૧૯૩૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## શ્રી જૈનધર્મ પ્રસારક સભાનો સુવર્ણ મહોત્સવ.

તા. ૨૮-૨૯-૩૦ એપ્રીલ ચૈત્ર વદિ ૧૦-૧૧-૧૨ રવિ, સોમ, મંગળવારને દિવસે સભા તરફથી શ્રી સનાતન હાઇસ્કુલના મકાનમાં બનારસ હિંદુ યુનિવરસીટીના વાઇસ-ચાન્સેલર શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવ્યો હતો.

૧. પ્રથમ દિવસે બપોરના ખાસ મેળાવડામાં પ્રમુખશ્રી ઉપરાંત મે. પટ્ટણી સાહેબ, અધિકારી વર્ગ અને ગૃહસ્થોની સારી સંખ્યામાં હાજરી હતી. મંગળાચરણ થઇ રહ્યા બાદ મી. મોતીચંદ ગિરધરલાલ કાપડીયા અને શ્રી જીવરાજભાઇ ઓધવજી ન્યાયાધિકારીએ પ્રમુખ સાહેબની ઓળખાણ કરાવ્યા બાદ બહાર-ગામના સંદેશા સોની ન્યાલચંદ લક્ષ્મીચંદે વાંચી સંભળાવ્યા હતા, જેમાં આચાર્ય **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ**નો પત્ર ખાસ

---

**" हमने तो संसारभर की किसी धर्मपुस्तक में ऐसी अश्लील प्रार्थनायें नहीं देखी । सनातन वैदिक धर्म का नग्न रूप अब होलिकोत्सव में हम देखते है** —" એટલેકે હોળીના ફાગ અને આ વૈદિક પ્રાર્થનામાં જરાયે તફાવત નથી. હોળીના ફાગમાં સનાતન વૈદિક ધર્મનું નગ્ન સ્વરૂપ દેખાય છે."

આ વેદ ઈશ્વરકૃત મનાય છે. એમાં વળી, ગૃહસ્થો પોતાની પત્નીનાં દાન બ્રાહ્મણોને આપી શકે એવું વિધાન છે. ઋગ્વેદ મંડળ ૮, સૂક્ત ૧૯, મંત્ર ૩૭ માં ત્રસદસ્યુ રાજાએ પોતાની સો રાણીઓ કયારે, કોને દાનમાં આપી તેનું વર્ણન છે. શ્રી દયાનંદ સરસ્વતી એનો અર્થ સમજી શકયા ન હોય અથવા તો એનો અર્થ ગમ્યો ન હોય એટલે ગમે તેમ પણ એમણે એ આખી વાતજ મૂકી દીધી.

" આ જ જો વેદ હોય, આ જ જો ઈશ્વરીય જ્ઞાન હોય તો હું કહું છું કે ભારતની ભાવી પ્રજાએ એનો પહેલી તકે ત્યાગ કરવો જોઇએ. દંભ અને પાખંડ ભલે આજ સુધી ટકયાં, પણ હવે ભવિષ્યમાં નહીં ટકી શકે " વેદની આવી અશ્લીલતા સામે છેડાયેલા સુધારકો ખુલ્લે ખુલ્લા વિરોધ કરે છે.

શ્રમણ-તપસ્વીઓએ વેદનો વિરોધ શા સારૂ કર્યો હોવો જોઇએ, વેદ સામે બળવો જગવતાં એમણે બ્રાહ્મણો વિગેરેના કેટલા અન્યાય-અત્યાચાર વેઠયાં હોવા જોઇએ ? નિર્ગ્રંથિ-નાતપુત્રનો ઉપદેશ કેટલો જનહિતકર અને પરંપરાઓના પાશથી સ્વતંત્ર હોવો જોઇએ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનનીય હતો. બાદ સંસ્થાના મુખ્ય મંત્રી શ્રી અમરચંદ ઘેલાભાઈએ સંસ્થાનો ભૂતકાલીન રિપોર્ટ રજુ કર્યો હતો. ત્યારબાદ શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ, ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ તથા ગોકુળદાસ નાનજીભાઇ ગાંધી, લાલન, નગરશેઠ વગેરેએ પ્રાસંગિક વિવેચનો કર્યા હતા. ત્યારબાદ ગાર્ડનપાર્ટી આપવામાં આવી હતી.

૨. બીજો દિવસ વાર્તાલાપ આ સભાના મકાનમાં પ્રમુખશ્રી સાથેનો હતો. ત્યારબાદ શ્રી **જૈન આત્માનંદસભા**ની મે. પ્રમુખ સાહેબ, મે. પટ્ટણી સાહેબ, બંને સભાસદોને સભ્યો અને મ્હેમાનો સાથે મુલાકાત લીધી હતી. શ્રી જૈન આત્માનંદ સભાનું સાહિત્ય પ્રકાશન અને ફ્રી લાઈબ્રેરી જોઇ પ્રમુખ સાહેબ ને મે. પટ્ટણી સાહેબ બહુ જ ખુશી થયા હતા અને શ્રી બનારસ હિંદુ સેન્ટ્રલ કોલેજની લાઇબ્રેરી માટે એકેક બુક ભેટ મોકલવા માંગણી કરતાં સ્વીકાર કરવામાં આવ્યો હતો. તેજ દિવસે બપોરના આ સભાના પ્રમુખ શ્રી કુંવરજી આણંદજીને સભા તરફથી બીજી વખત માનપત્ર આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો. આ સભાના તેઓ પ્રમુખ છે તે માટે નહિં પરંતુ પ્રથમથી જ (અનેક બીજા હોદ્દેદારો થઇ ગયા અને છે છતાં) માત્ર તેઓશ્રીએ જ સભા માટે અપરિમિત ભોગ એકલાએ જ આપ્યો છે. પુણ્યથી અને સાંસારિક વ્યવહાર-વ્યાપારાદિમાં પોતાના વડિલ અને લઘુ બંધુઓએ ભાર ઉપાડયો હોવાથી અને શ્રી કુંવરજીભાઇ માત્ર ધર્મના કાર્યો કરે તેમાં તેમની અનુમોદના હતી તેથી તેઓશ્રીને ફીકર ન હોવાથી પૂરતો ભોગ આપતા હોવાથી તેઓ સભાની આટલી એકધારી સેવા કરી શકયા છે અને કરે છે. મંગળાચરણ થઇ રહ્યા બાદ, બહારના સહાનુભૂતિના સંદેશા વંચાયા બાદ શ્રી જીવરાજભાઇ ઓધવજી ન્યાયાધિકારીએ માનપત્ર વાંચી સંભળાવ્યા બાદ મંત્રી અમરચંદ ઘેલાભાઈએ રિપોર્ટ જણાવ્યા બાદ અનેક વક્તાઓના વિવેચનો થયાં; બાદ મે૦ પટ્ટણી સાહેબે અંગત પરિચય કરાવ્યો હતો અને માનપત્ર ચાંદીની ફ્રેમ સાથે પ્રમુખ સાહેબે પ્રાસંગિક વિવેચન કરતાં કુંવરજીભાઇને અર્પણ કર્યું હતું. ત્યારબાદ કુંવરજીભાઇએ પોતાની લઘુતા બતાવી સેવક તરીકે સભાની ફરજ બજાવી વગેરે જણાવ્યું હતું. શ્રી કુંવરજીભાઈની આ સભાની સેવા માટે સભા આવો ઉત્સાહ જણાવે તે યોગ્ય છે, પરંતુ શ્રી કુંવરજીભાઇને વિશેષ ખુશી થવા જેવું તો એ છે જે અત્રેની શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખ પણ તેઓશ્રીના લઘુ બંધુ શ્રી ગુલાબચંદભાઇ આણંદજી છે તો અન્ય જેમ આ જાણી ખુશી થાય છે તેમ તે આનંદ પોતાને અર્પણ થયેલ માનપત્રના જવાબમાં જાહેરમાં જણાવ્યો હોત તો ઘણા મનુષ્યો વિશેષ જાણત કારણ કે એ બંધુઓ એ મોટી પ્રગતિશાળી અને યશસ્વી જૈન સભાઓના પ્રમુખ સમકાલીન હોય તે પણ પુણ્ય તથા આનંદનો વિષય બંને ભાઇઓ માટે ખાસ ગણાય.

૩. ત્રીજા દિવસે જાહેર પ્રજા માટે **પ્રો. આનંદશંકર બાપુભાઇ** ધ્રુવ સાહેબનું મે૦ પટ્ટણી સાહેબના પ્રમુખપણા નીચે "જોઈએ છીયે ગુજરાત માટે યુનીવરસીટી" એ વિષય ઉપર મનનીય ભાષણ હતું. પ્રજાવર્ગની મ્હોટી સંખ્યા, અધિકારી વર્ગ, શિક્ષીત વર્ગ વગેરે બહુ સંખ્યામાં હતા. ભાષણ ચાલતાંનાં દરમ્યાન ધ્રુવ સાહેબે શ્રી જૈન આત્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧ **प्राकृत सुभाषित संग्रह:**–સંપાદક વી. એમ. શાહ એમ. એ. પ્રોફેસર અર્ધ માગધી એમ. ટી. બી. કોલેજ–સુરત. પ્રાકૃત ભાષાના નીતિયુક્ત તેવીશ ઉપદેશક જુદા જુદા વિષયો ચુંટી કાઢી આ બુકમાં પ્રસ્તાવના અને ઇંગ્રેજી ભાષાંતર સાથે આપવામાં આવેલ છે. પ્રાકૃતના પ્રાથમિક અભ્યાસ કરનારાઓ માટે બહુ જ ઉપયોગી છે. ઇંગ્રેજી ભાષાના જાણકાર માટે તેનો તરજુમો પણ તે ભાષામાં બહુ જ સરલ રીતે આપ્યો છે. સંપાદક મહાશય આ ભાષાના પ્રોફેસર હોવાથી આવી સુંદર રચના આ બુકમાં થાય તે સ્વાભાવિક છે. ગુજરાતી અનુવાદ થવાની પણ જરૂર અમોને લાગે છે. કિંમત દોઢ રૂપીયો બુકના પ્રમાણમાં વિશેષ અમોને લાગે છે. સંપાદક મહાશયનું લક્ષ ખેંચવા રજા લઇએ છીએ.

## શ્રી ભાવનગર સમેતશિખરજી જૈન સ્પેશીયલ સ્મરણાંક

### પ્રકાશકઃ—**શ્રી વડવા જૈન મિત્ર મંડળ–ભાવનગર**

ઘણા જ માસના પરિશ્રમે હિંદની અનેક રેલ્વે ઓફીસો સાથે પત્રવ્યવહાર કરી અપરિમિત સગવડ કરાવી, શુમારે સાતશેં યાત્રાળુઓ સાથે શ્રી સમેતશિખરજીની યાત્રા કરી આવ્યા પછી તેનો અનુભવ કે જે બીજા શહેરના જૈનસંઘ કે બંધુઓને અનુકરણીય અને ભોમીયા સમાન છે તે આ અંક તમામ વિગત માહિતીઓ સાથે પ્રકટ કરવામાં આવ્યો છે. આવી સેવા કરનાર તે મંડલની તે સેવામાં અપૂર્ણ અને તુટીયો હશે–હતી છતાં તેમણે જે આભગીરથ પ્રયત્ન ઉપાડયો હતો તેની પ્રશંસા ગુણગ્રાહક પુરૂષો જરૂર કરે જ. માખી જેવા સ્વભાવવાળા ભલે છીદ્ર જોવે કે ગમે તે બોલે પરંતુ સેવા કરનારને કેટલો ભોગ આપવો પડે છે તે તેઓનો આત્મા જ સમજી શકે આ સેવા કર્યા પછી આવા સ્મરણાંકની જરૂર ભવિષ્યકાળ માટે અન્ય માટે પણ જરૂર ઉપયોગી થઇ પડે. તે માટે તેવી રીતે દરેક માહિતી, તીર્થોની સમજ, અનેક છબીઓ સાથે આપેલ છે જે જરૂર શ્રી સમેતશિખરજી યાત્રા સંઘ માટે અવશ્ય ઉપયોગી સાહિત્ય ગણાય તેવા પ્રકટ કરવા માટે પ્રકાશકને ધન્યવાદ આપવામાં આવે છે. દરેક લાઇબ્રેરીઓમાં એક કોપી સંગ્રહવા લાયક છે. પ્રકાશક પાસેથી મળી શકશે.

---

નંદ સભા (ભાવનગર) અત્યારે જૈન વિવિધ વિષયનું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પ્રકાશન કરી રહેલ છે તે જોઇ તેને માટે મને બહુ જ આનંદ થયો છે વગેરે શબ્દોથી હૃદયપૂર્વક આનંદ જાહેર કર્યો હતો. ધ્રુવ સાહેબનું ભાષણ બહુ જ સુંદર હતું. શ્રોતાઓ બહુ જ ખુશી થયા. આ રીતે ત્રણ દિવસોનો મેળાવડો ખતમ થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**—ઓગણીશમો રીપોર્ટ. કમીટીની પરવાનગીથી પ્રકાશક શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયા તથા ચંદુલાલ સારાભાઇ મોદી. ઉંચી કેળવણી લેવા માટે જૈન વિદ્યાર્થીઓ માટે એક ઉપયોગી સાધન આ વિદ્યાલયે કરી આપ્યું છે. અનેક વિદ્યાર્થીઓ પસાર થયા છે થાય છે. રીપોર્ટ સવિસ્તર હકીકતવાળો વ્યવસ્થિત કાર્યપદ્ધતિ જણાવનારો છે–તેને કાયમી ખર્ચ માટે હવે જૈન બંધુઓએ જરૂરિયાત પુરી પાડવાની આવસ્યકતા છે.

---

**શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય વરકાણાતીર્થ**–ત્રણ વર્ષનો (સં. ૧૯૮૭ થી ૧૯૯૦ સુધીનો) રિપોર્ટ. પ્રકાશક હિંમતલાલ ફીસનાજી, નિહાલચંદ ગુલાજી, હીરાચંદ તેજમલજી મંત્રીઓ.

આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજીના ઉપદેશથી અને તેમના સુશિષ્ય પંન્યાસજી શ્રી લલિતવિજયજી મહારાજના ઉપદેશ સાથે સુપ્રયત્નથી આ સંસ્થા ઇંગ્રેજી સાતમા ધોરણ સુધી સ્કુલ અને બોર્ડીંગદ્વારા સુમારે સવાસો વિદ્યાર્થીઓનું પોષણ કરી રહેલ છે. મારવાડની ભૂમિમાં તો આ શિક્ષણ સંસ્થાને કલ્પતરૂ ગણી શકાય. કાર્યવાહક કમીટી અને ત્યાંના બંધુઓની સહાય અને કાર્યવાહીથી તે આગલ વધ્યે જાય છે. સુંદર વ્યવસ્થા અને ઉદ્દેશ પ્રમાણે પદ્ધતિસર વહીવટ કરે છે તેમ આ રિપોર્ટ ઉપરથી જણાય છે. અમે તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ. દરેક જૈન બંધુઓને સહાય આપવા નમ્ર સુચના કરીએ છીએ.

---

**શ્રી જૈન વિદ્યાર્થી આ મ**–સુરત–ત્રણ વર્ષ (સં. ૧૯૮૮થી૧૯૯૦) નો બારમો રિપોર્ટ. ઉજમશી ત્રિભુવનદાસ શાહ વકીલ ઓનરરી સેક્રેટરી પ્રકાશક.

પંદર વર્ષથી આ સંસ્થા જૈન વિદ્યાર્થીઓને સ્કુલ, વ્યાપારી અને ધાર્મિક શિક્ષણ આપી દર વર્ષ સુમારે ત્રીશ વિદ્યાર્થીઓને શિક્ષણમાંથી પસાર કરી રહેલ છે. વ્યવસ્થા યોગ્ય અને ઉદ્દેશ પ્રમાણે કાર્ય કરતી સંસ્થા હોવા છતાં જોઇએ તેટલું સ્થાયીફંડ માટે તેની કમીટીની માંગણી ચાલુ છે. સુરતના જૈન બંધુઓએ હવે આ સંસ્થાને તેની તે જરૂરીયાત જલદીથી પુરી પાડવાની પહેલી તકે જરૂર છે. અમો ઉન્નતિ ઇચ્છવા સાથે દરેક જ્ઞાતિબંધુઓને યથાશક્તિ સહાય આપવા જણાવીએ છીએ.

---

**શ્રી બગવાડા પરગણા જૈન એજ્યુકેશન સોસાયટીનો પ્રથમ રીપોર્ટ**—કમીટીના હુકમથી પ્રકાશક શાહ હીરાલાલ રાયચંદ સેક્રેટરી. સુરત જીલ્લાના બગવાડા ગામમાં આ કેળવણીની સંસ્થા જૈન વિદ્યાર્થી આશ્રમ અને સ્કુલની સ્થાપના ૬૦ વિદ્યાર્થીઓ લઇ દાનવીર શેઠ રણછોડભાઇ રાયચંદ મોતીચંદ ઝવેરીના મુબારક હસ્તે કરવામાં આવેલ છે. આવી શિક્ષણ સંસ્થાઓ દરેક જીલ્લામાં તેના આસપાસમાં ખોલવાની જેમ જરૂર છે તેમ સ્થાપન થયા પછી તેને નિભાવવા ચાલુ રાખવા કાયમી ફંડ કરવાની પણ જરૂરીઆત હોય છે. દરમ્યાન તે જીલ્લાના જૈન બંધુઓને તે નિભાવવા આર્થિક મદદ આપવાની પ્રથમ જરૂરીયાત છે કે જેથી કાર્યવાહકોનો ઉત્સાહ શરૂ રહે, કાર્ય ટકી રહે. આ સંસ્થાનો રિપોર્ટ જોતાં તેની શરૂઆત સારી છે. વ્યવસ્થા હિસાબ યોગ્ય છે. અમો તેની આબાદિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મુનિરાજશ્રી લબ્ધિવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

પ્રાત; સ્મરણીય શ્રી આત્મારામજી મહારાજના સમુદાયના મુનિરાજશ્રી હીરવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી લબ્ધિવિજયજી મહારાજ શુમારે પંચોતેર વર્ષની ઉંમરે પીસ્તાલીશ વર્ષ સુધી નિરતિચારપણે ચારિત્ર પાળી સમાધિપૂર્વક શિહોર ગામમાં ચૈત્ર વદી ૧૧ ને સોમવારના રોજ કાળધર્મ પામ્યા છે. મહારાજશ્રીની તબીયત નરમ, ઘણી અશક્તિ અને આંખની અડચણ ઘણા વખતથી હતી. દવા ચાલતી હતી છતાં સમતાપણે વ્યાધિ ભોગવતા હતા અને જ્ઞાન, ધ્યાન, સજઝાય આવશ્યક ક્રિયા પણ ઘણી મહેનતે બરાબર કર્યે જતા હતાં. વ્યાધિગ્રસ્ત શરીર છતાં શાંતિ પણ અપૂર્વ હતી. ઘણા વખતથી અશક્તિને લઇને ચાલી નહિં શકતા હોવાથી ત્યાં હોવાથી શિહોરના સંઘ તથા આ સભા તરફથી યથાયોગ્ય સેવા કરવામાં તથા ખબર રાખવામાં આવતી હતી. આવા એક સંજમધારી મહાપુરૂષની સમાજમાં ખોટ પડી છે. આ સભા ઉપર તેમની અપૂર્વ કૃપા હતી જેથી સભા પોતાની અંતઃકરણપૂર્વક દિલગીરી જાહેર કરવા સાથે તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ અનંતશાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરે છે.

## સંઘવી વેલચંદ ધનજીભાઇનો સ્વર્ગવાસ.

શુમારે બાસઠ વર્ષની ઉંમરે થોડા વખતની બિમારી ભોગવી મુંબઇ (મલાડ) માં ચૈત્ર વદિ ૬ ને બુધવારના રોજ ભાઇ વેલચંદ પંચત્વ પામ્યા છે. તેઓ આ સભાના પાંત્રીશ વર્ષથી સભાસદ હતા. ધર્મશ્રદ્ધાળુ, મિલનસાર અને ધર્મજ્ઞાનના જિજ્ઞાસુ હતા. જ્ઞાનસાર અષ્ટક ઉપર તેમની અનન્ય શ્રદ્ધા હતી. તેઓ કવિ હોઇ આત્માનંદ પ્રકાશમાં તેઓની કૃતિને પ્રથમ સ્થાન: આપવામાં આવતું હતું. સભા ઉપર પૂર્ણ પ્રેમ ધરાવનાર હોઇ એક ઉપયોગી સભાસદની ખોટ પડી છે. તેમના સુપુત્રોને દિલાસો દેવા સાથે તેમના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીયે.

## શાહ છોટાલાલ હરગોવનદાસનો સ્વર્ગવાસ.

ઘણા લાંબા વખતની બિમારી ભોગવી ભર યુવાનવયે શુમારે ૩૦ વર્ષની ઉંમરે ફાગણ વદિ. ૩ ને શનિવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સ્વભાવે સરલ, મિલનસાર અને શ્રદ્ધાળુ હતા. આ સભાના તેઓ સભાસદ અને સભા ઉપર લાગણી ધરાવતા હતા. તેઓના આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વોરા નરોતમદાસ હરખચંદનો સ્વર્ગવાસ.

શુમારે પંચાવન વર્ષની વયે થોડા દિવસની બિમારી ભોગવી ફાગણ શુદ ૪ ના રોજ ભાઇ નરોતમદાસ પંચત્વ પામ્યા છે. ઘણા વખતથી શરીર સ્થિતિ બરાબર નહિ હોવાથી ધંધાથી ફારેગ થયેલા હોવા છતાં યથાશક્તિ ધર્મ ધ્યાન કરતા હતા. સ્વભાવે ભદ્રિક પરિણામી, મિલનસાર અને પૂર્ણ ધર્મ શ્રદ્ધાળુ હતા. પોતાની જીંદગી યથાશક્તિ ધર્મના અનેક કાર્યો સરલ સ્વભાવે કર્યા હતા. આ સભાના તેઓ સભાસદ અને પ્રેમવાળા હોવાથી આવા સરલ અને ધર્મિષ્ટ સભ્યની સભાનો ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.


શ્રી ઉપયોગી

# સતી સુરસુંદરી ચરિત્ર.

( લેખક રા. સુશીલ. )

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્દભુત, રસિક કથા ગ્રંથ. )**

આ ગ્રંથના મૂળ કર્તા શ્રી ધનેશ્વર મુનિની આ કથાની રચના જૈન કથાસાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગમોહથી મુંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા, કુશળતા અને તાર્કિકતા કર્તા સૂરીશ્વર મહારાજે આ ગ્રંથમાં અદ્દભુત રીતે બતાવી છે. પ્રાચીન શૈલીએ લખાએલી આ કથાને બનીશકે ત્યાંસુધી આધુનિક શૈલીએ મૂળ વસ્તુ અને આશય એ તમામ સાચવી સરળ રીતે આ ગ્રંથની રચના કરવામાં આવી છે.

કથારસિક વાંચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા (ચારત્ર) પછી કેવળ ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશ શ્લોકો (મૂળ સાથે ભાષાંતર) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદ્રષ્ટિ, ઉપદેશ, ચરિત્રકથા અને પ્રાચીન સાહિત્યની દ્રષ્ટિએ આ ગ્રંથ એક કિંમતી અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટ્રીક પેપર ઉપર સુંદર અક્ષરો અને કપડાના સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલી છે. કિંમત રૂ. ૧-૮-૦ પોસ્ટેજ જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ શતાબ્દિ સીરીઝના નવા ગ્રંથો.

## શ્રી વીતરાગ સ્તોત્ર તથા મહાદેવ સ્તોત્ર.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યરચિત (ઉપરોક્ત મહાપુરૂષની શતાબ્દિની શરૂઆત તરીકે ) આ માંગલિક બે ગ્રંથો પ્રથમ મૂળ સંસ્કૃત ભાષામાં પ્રગટ થયેલ છે. તેના સંપાદક આચાર્યશ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજના પ્રશિષ્ય શ્રી **ચરણવિજયજી** મહારાજ છે. તેનું બરાબર શુદ્ધ રીતે સંશોધન વિદ્દ્વર્ય શ્રી **પુણ્યવિજયજી** મહારાજે કરેલ છે. વીતરાગ સ્તોત્રમાં પ્રભુની સ્તુતિ રૂપે વીશ પ્રકાશ (પ્રકરણ) ગુંથ્યા છે. કુમારપાળ મહારાજા નિમિત્તે જ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે આ સ્તુતિરૂપ ગ્રંથ રચેલ હોવાથી કુમારપાળ મહારાજ દરરોજ સવારમાં ઉઠી આ સ્તોત્રનો પ્રથમ પાઠ કરતા હતા.

બીજો ગ્રંથ આ સાથે મહાદેવ સ્તોત્ર જોડેલો છે. તેમાં દેવનું સ્વરૂપ, મહાદેવ કોને કહેવા, કોણ હોઈ શકે ? આ બે સ્તોત્રોની પાછળ આ મહાન આચાર્યશ્રીની કૃતિ તરીકે **અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** તથા **અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** બે બત્રીશી આપવામાં આવી છે. આ એકજ ગ્રંથમાં ચારેનો સમાવેશ કરેલો છે. ઉંચા કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી ટાઇપમાં છપાવી સુંદર બાઇંડીંગ કરાવેલ છે. સર્વ કોઈ લાભ લઇ શકે તે માટે માત્ર નામની બે આના કિંમત રાખેલ છે.

---

પ્રાકૃત ભાષાના અભ્યાસીઓને માટે—

## શ્રી આત્માનંદ શતાબ્દિ સીરીઝ પુસ્તક બીજું.

# ॥ प्राकृत व्याकरणम् ॥

## કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યકૃત.

## ( અષ્ટમાધ્યાય પાઠ ) સાંવસ્તર ધાતુ પાઠ સહિત.

પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા પૈશાચી અને અપભ્રંશ એ છ ભાષાના નિયમો મૂળ સૂત્રરૂપે આ ગ્રંથમાં રચયિતા મહાત્માએ સારી રીતે બતાવ્યા છે. આ વ્યાકરણની અંતે સવિસ્તર પ્રાકૃત ધાત્વાદેશ અકારાદિ ક્રમથી આપ્યો છે, એટલે અભ્યાસીઓને કંઠાગ્ર કરવાની સરળતા પડે માટે પ્રથમ સંસ્કૃત ધાતુ અને પછી પ્રાકૃત સૂત્રના સપાદ અંક એ એક પૃષ્ઠમાં ત્રણ વિભાગ પાડવામાં આવેલ છે. આ ગ્રંથમાં આવેલ મૂળ સૂત્રો અને તેના નિયમો એવી સરસ રીતે આપેલ છે કે અલ્પ પ્રયાસે કંઠાગ્ર થતાં વિશેષજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ રીતે મૂળ સૂત્રરૂપે આ પ્રથમ વખતજ આ ગ્રંથ પ્રગટ થાય છે. તે આખો ગ્રંથ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે તપાસેલ હોવાથી શુદ્ધ રીતે સુંદર શાસ્ત્રી ટાઈપથી નિર્ણયસાગર પ્રેસમાં ઉંચા કાગળો ઉપર પોકેટ નાની સાઇઝમાં પ્રગટ થયેલ છે. સર્વ કોઇ લાભ લઇ શકે માટે આટલા મોટા ગ્રંથની માત્ર ચાર આનાજ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું.

લખો—**શ્રી જૈન આત્મનંદ સભા—ભાવનગર.**

## શ્રી આત્માનંદ શતાબ્દિ સીરીઝ ગ્રંથ ત્રીજો.

## શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર.

**( શ્રી હેમચંદ્રાચાર્યકૃત મૂળ ) છપાય છે. જલદી નામ નોંધાવો.**

For Private And Personal Use Only